# આકાશવાણી – ભુજ

**સમાચાર વાચક: તૌફીક સમા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: 04-08-2024 રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## કૃષિ અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત એક ખાદ્ય સરપ્લસ દેશ છે અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને વૈશ્વિક પોષણ સુરક્ષા માટે ઉકેલો પ્રદાન કરવામાં વ્યસ્ત છે.

તેમણે ખાતરી આપી હતી કે સરકાર ખેડૂતોના જીવનને સુધારવાના ઉદ્દેશ્ય સાથે સુધારા અને પગલાં સાથે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહી છે. ગઇકાલે નવી દિલ્હીમાં કૃષિ અર્થશાસ્ત્રીઓની **32**મી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, કૃષિ એ સરકારની આર્થિક નીતિનું કેન્દ્ર છે. તેમણે કહ્યું કે, ભારત બાજરી, દૂધ, કઠોળ અને મસાલાનો સૌથી મોટો ઉત્પાદક છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત રાસાયણિક મુક્ત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટ **2024-25**માં ટકાઉ કૃષિ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે.ભારત કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે.

અને પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ, એક ક્લિક દ્વારા દસ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવે છે.

કૃષિ અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં લગભગ **75** દેશોના લગભગ એક હજાર પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્ષની કોન્ફરન્સની થીમ છે - સસ્ટેનેબલ એગ્રી-ફૂડ સિસ્ટમ્સ તરફ પરિવર્તન.

**RNU AHMDAVAD**

# હર ઘર તિરંગા અભિયાન

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ હર ઘર તિરંગા અભિયાનમાં ફરીથી એ જ ઉત્સાહ સાથે ભાગ લે એક સોશિયલ મીડિયા .પોસ્ટમાં, અમિત શાહે લોકોને 9 થી 15 ઓગસ્ટ દરમિયાન ત્રિરંગો ફરકાવવા અથવા પોતપોતાના ઘરોમાં પ્રદર્શિત કરવા અપીલ કરી હતીતેમણે કહ્યું કે ., પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું હર ઘર તિરંગા અભિયાન છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ચળવળમાં પરિવર્તિત થયું છે શ્રી શાહે લોકોને .તિરંગા સાથે સેલ્ફી લેવાની અને તેને હર ઘર તિરંગા વેબસાઇટ -harghartiranga.com પર અપલોડ કરવા અપીલ કરી હતી.

**RNU AHMDAVAD**

---

# સિટી સિવિક સેન્ટરનું ઇ-લોકાર્પણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગરના બાલાસિનોર ખાતેથી રાજ્યવ્યાપી 45.કરોડ 47 નાગરિકોને એક જ .સિટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરાવ્યું હતું 32 રૂપિયાના ખર્ચે નવનિર્મિત .સ્થળેથી તમામ સેવા ઉપલબ્ધ થશે

આ સિટી સિવિક સેન્ટરના લોકાર્પણના આ દ્વિતીય તબક્કામાં બાલ 32ાસિનોર, પાટડી, કપડવંજ, બોટાદ સહિતની નગરપાલિકાનો સમાવેશ થાય છે.

આ સિટી સિવિક સેન્ટરમાં મિલકત વેરા, હૉલ બુકિંગ, વેરા આકારણી અરજી, લગ્ન અને વ્યવસાય વેરાની નોંધણી જન્મમરણના દાખલા-, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય ફરિયાદોની અરજીને લગતી કામગીરી કરવામાં આવે છે.

**RNU AHMDAVAD**

---

# સફારી પાર્કની મંજૂરી

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ આપવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ સફારી પાર્કને મંજૂરી આપી છે.. કચ્છના કોટેશ્વર, ઊના પાસે નલીયા માંડવી તથા કેવડીયા ખાતે સફારી પાર્કને મંજૂરી મળી છે. સર્વોચ્ચ અદાલતની મંજૂરી બાદ ત્રણેય સફારી પાર્કની કામગીરી શરૂ થશે.અંબાજી, વાંસદા તથા બરડામાં સફારી પાર્ક બનાવવાની કવાયત હાથ ધરાઇ છે.

ગાંધીનગર .IIT પાસે પણ સફારી પાર્કને મંજૂરી માટે કામ શરૂ થયું છેઆ ઉપરાંત . કચ્છમાં ચિત્તાના બ્રિડીંગ સેંટરનું કામ આ સપ્ટેમ્બર સુધી પૂર્ણ થશે ..રાજ્યમાં આવતા વર્ષે સિંહોની વસ્તી ગણતરી  થશે.. આ કામગીરીમાં  સામાજીક સંસ્થાઓ તથા સ્વયંસેવકો જોડાશે. છેલ્લે વર્ષ ૨૦૨૦માં થયેલી સિંહોની ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૬૭૪ સિંહોની સંખ્યા નોંધાઇ હતી

**RNU AHMDAVAD**

## વિશ્વ સ્તનપાન સપ્તાહ

રાજ્યમાં અત્યાર સુધી  403 હજાર 12 માતાઓ પોતાના દૂધનું દાન કરી 820 હજાર 15  ગાંધીનગરની .બાળકોની પરોક્ષ માતા બની છે“હ્યુમન મિલ્ક બેન્ક”માં  449 માતાએ 415 હવે આગામી સમયમાં અમદાવાદ .બાળકોને નવજીવન આપ્યું છે, ભાવનગર, જામનગર અને રાજકોટમાં હ્યુમન મિલ્ક બેન્ક શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં સાતમી ઑગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાશે, જેનો ઉદ્દેશ્ય બાળકના જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ,  માસ સુધી ફક્ત સ્તનપાન પર  6 માસ બાદ 6 ઉછેર અને  માતાના દૂધની સાથે ઉપરી આહારની શરૂઆતની પરંપરાની જાગૃતિ કેળવવાનો છે.

**RNU AHMDAVAD**

## હવામાન

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, તાપી, દમણ અને નગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છેઆ . ઉપરાંત આજે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથમાં ભારે વરસાદની આગાહી છે .

હવામાન વિભાગની આગાહીને જોતા આગામી ત્રણ દિવસ દરિયાકાંઠાના જિલ્લાઓમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે .

**NP/ તૌફિક સમા**